# મોતીવાડાની યુવતીની હત્યાના સાતમા દિવસે ઘટના સ્થળેથી આંગળીના તૂટેલા ત્રણ નખ મળ્યા

**શકમંદ** આરોપી યુવતી સાથે ગંભીર પ્રકારનું કૃત્ય કરવા પાછળ ઝનૂની હેવાનિયત સ્વભાવનો હોવાનું અનુમાન



પારડી : પારડી તાલુકામાં એક કોલેજીયન યુવતી ગત 14 નવેમ્બર ગુરુવારે બપોરે ટ્યૂશનથી ઘરે પરત ફરી ન હતી. ઉદવાડાના મોતીવાડા રેલવે ફાટક ગરનાળા નજીક યુવતી સાથે દુષ્કર્મ કરી ગળું દબાવી હત્યા કરેલી લાશ મળી હતી. પોલીસે ઘટનાના સાતમા દિવસે ઘટના સ્થળે તપાસ કરતા પોલીસને હત્યા થયેલી યુવતીના હાથની આંગળીના ત્રણ નખ મળી આવ્યા હોવાની વાતો આજે ચર્ચા ચાલી હતી. મોતીવાડા ગામે આવતીકાલે ગ્રામજનો અને પોલીસ સાથે ગામમાં રહેતા લોકો સાથે યુવતીની હત્યા પકરણ બાબતે બેઠક રાખવામાં આવી હોવાની વિગતો મળી છે.

કોલેજીયન યુવતીના હત્યાના સાત દિવસ થયા પરંતુ આજે પણ પોલીસને કોઈ સફળતા મળી નથી. ત્યારે વલસાડ જિલ્લા વડા તેમની ટીમ સાથે ભેદ ઉકેલવા રાત દિવસ એક કરી રહ્યા છે. રાત્રિના 1 વાગ્યા સુધી આ કેસ પાછળ તનતોડ મહેનત કરી રહી છે. જિલ્લા એસ પી ડો. કારણરાજ વાઘેલાની ટીમ ફરી આજરોજ બુધવારના સાંજે હત્યાના ઘટના સ્થળે આરોપી સુધી પહોંચવા કોઈ કડી મળી શકે જેની શોધખોળ કરતા પોલીસને મૃતક કોલેજીયન યુવતીના હાથની આંગળીના ત્રણ નખ પોલીસને મળી આવ્યા છે. જેની તપાસ ફોરેન્સિક લેબમાં કરવા તજવીજ હાથ ધરી છે. આંગળીના નખ મળતા હત્યારો યુવતી સાથે ગંભીર પ્રકાર કૃત્ય કરવા અને ઝનૂની હેવાનિયત સ્વભાવનો હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. પોલીસે છેલ્લા સાત દિવસ રાત દિવસ ખુદ જિલ્લા વડા ડો કારણરાજ વાઘેલા તેઓ પણ સતત ઘટના સ્થળે રોજની તપાસનો દોર ચાલુ રાખ્યો છે. તેમ છતાંયે હત્યારા સુધી પહોંચવા માટે કોઈ કડી મળતી નથી. ત્યારે પોલીસે ઘટનાના દિવસે એક અજાણ્યા શકમંદ ઈસમ વાપી રેલવે સ્ટેશને પ્લેટફોર્મ પર ચક્કર મારતા દેખાયો હતો.

### પોલીસે ૩૦થી ૩૫ વર્ષના ખોડખાપણવાળા ઈસમનો સ્કેચ જાહેર કરશે

વાપીથી 14 નવેમ્બર ઘટનાના દિવસે ઉદવાડા સ્ટેશને આવ્યો હોવાની લોકોમાં ચર્ચા ચાલી રહી છે. સીસીટીવી કેમેરામાં જે ટીશર્ટ પહેરેલો જે બેગ પોલીસને ઘટના સ્થળે બીજા દિવસે મળી આવી હતી. તે ટીશર્ટ પણ બેગમાં મળી આવી હતી. તેમજ અન્ય શર્ટ પેન્ટ પણ નવા અને જૂના કપડાં મળી આવ્યા હતા. ત્યારે પોલીસને આ ખોડખાપણ વાળો અંદાજે 30 થી 35 વર્ષનો ઈસમનો સ્કેચ પોલીસ જાહેર કરવાનું વિચારી રહી છે. પોલીસ રાત દિવસ આરોપીને શોધવા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી શકમંદ આરોપી સુધી પહોંચવા કમર કસી રહી છે.

# 13 ગામોમાં કેમ્પ કરી દર્દીઓને હોસ્પિટલમાં લાવી એન્જિયોગ્રાફી કરી હોવાના પુરાવા હાથ લાગ્યા

**હોસ્પિટલના** સીઈઓ રાહુલ જૈન અને માર્કેટિંગ મેનેજર મિલિંદ પટેલની પણ સંડોવણી

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ખ્યાતિ હોસ્પિટલકાંડ કેસની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને કેટલાક મહત્વના પુરાવા હાથ લાગ્યા છે. ટૂંકાગાળામાં હોસ્પિટલ દ્વારા 13 જેટલા ગામોમાં જુદા જુદા કેમ્પો કરીને તેમાંથી દર્દીઓને હોસ્પિટલમાં લાવી પીએમજેએવાય સ્કિમ હેઠળ એન્જિયોગ્રાફી કરી હોવાના પુરાવા મળી આવ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજીયાનના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી તપાસ દરમિયાન ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી મળી આવેલા ડોક્યુમેન્ટ્સ તેમજ દરમિયાન હોસ્પિટલના સીઈઓ રાહુલ જૈન તથા માર્કેટિંગ મેનેજર મિલિંદ પટેલની પણ સંડોવણી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે. જેમની વિરુદ્ધમાં વિશેષ પુરાવા મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

આ કેસમાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢવા માટે ક્રાઈમ બ્રાન્ચની જુદી જુદી ટીમો અલગ અલગ દિશામાં કામે લાગી છે. જે આરોપીઓ દેશ છોડીને અન્ય દેશમાં ભાગી ન જાય તે માટે તેઓના પાસપોર્ટ અંગેની માહિતી મેળવી તેમના વિરુદ્ધ લુક આઉટ નોટિસ જાહેર કરવામાં આવી છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે અગાઉ ક્રાઈમ બ્રાન્ચની ટીમે હોસ્પિટલમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને અસલ ફાઈલો, બે કોમ્પ્યુટર તથા એન્જિયોગ્રાફી કરેલા દર્દીઓની વિગતોના ડેટા મેળવ્યા છે.

### ખ્યાતિ હોસ્પિટલકાંડની તપાસ હાઇકોર્ટના સીટિંગ જજને સોંપવા કોંગ્રેસની માંગ

અમદાવાદઃ અમદાવાદ સહિત રાજ્યભરમાં ચકચાર મચાવનાર ખ્યાતિ હોસ્પિટલકાંડની તપાસ હાઇકોર્ટના સીટિંગ જજને સોંપવામાં આવે તેવી માંગણી પ્રદેશ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે, સાથે જ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ દ્વારા આ મુદ્દે સંસદમાં ચર્ચા થાય એ માટે નોટિસ આપવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ખ્યાતિ હોસ્પિટલકાંડમાં જો સરકારના હાથ ચોખ્ખા હોય તો હાઇકોર્ટના સીટિંગ જજની તપાસ સોંપવી જોઈએ. ખ્યાતિ હોસ્પિટલની પરવાનગી 2022માં રદ કરવામાં આવી હોત તો આ બનાવ ન બન્યો હોત. હું જ ચોર, હું જ પોલીસ અને હું જ ન્યાયાધીશ. સમગ્ર કાંડની તપાસ હાઇકોર્ટના સીટિંગ જજની કમિટીને સોંપવામાં આવે તેવી માંગણી છે. ઉપરાંત ખ્યાતિ હોસ્પિટલકાંડનો મુદ્દો દેશની સંસદમાં ચર્ચાય એ માટેની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

# આજથી સોમનાથમાં સરકારની ત્રણ દિવસ માટે ૧૧મી ચિંતન શિબિર

**શિબિરના** અંતિમ દિવસે બેસ્ટ જિલ્લા કલેક્ટર અને બેસ્ટ ડી.ડી.ઓ.ના એવોર્ડ્સ અપાશે

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબીર તારીખ ૨૧ નવેમ્બર ગુરૂવારથી ૩ દિવસ માટે પ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર સોમનાથ ખાતે યોજાશે.

આ પરંપરાને આગળ વધારતાં ૧૧મી ચિંતન શિબીર સીએમ ભૂપેન્દ્ર પટેલ, રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ તથા જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની સક્રિય સહભાગીતાથી યોજાવાની છે. આ ૧૧મી ચિંતન શિબીરમાં જે વિષયો જૂથ ચર્ચા અને ચિંતન-મંથન માટે પસંદ કરવામાં આવ્યા છે. કેબીનેટ મંત્રીઓ તથા સિનિયર સેક્રેટરીઓને મોકલવામાં આવેલી નોટમાં જણાવ્યા અનુસાર, રાજયમાં રોજગારી વધારો, ગ્રામીણ વિસ્તારમાં આવકનો વધારો, સરકારી યોજનાઓમાં સંતૃપ્તિ, જિલ્લા સ્થાનિક વહીવટી તંત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રવાસનનો વિકાસ કરવો તે વિષય પર ધ્યાન કેન્દ્રિય કરવામા આવનાર છે. ડિજિટલ આધુનિકરણ, સ્કિલ ડેવલોપમેન્ટ, પુનઃપ્રાપ્ય ઊર્જા, ઈલેક્ટ્રીક વ્હિકલ, રોજગારીમાં ભવિષ્યમાં ઊભી થનારી નવી તકો વિશે પણ આ ચિંતન શિબિરમાં ચર્ચા થશે. 2003થી ગુજરાતમાં ચિંતન શિબર યોજાઈ રહી છે, જેમાં ખુલ્લા વિચારો અને યોજનાઓ વિશે માહિતીનું આદાન પ્રદાન થાય છે. ચિંતન શિબીરના ત્રણેય દિવસોનો પ્રારંભ સામુહિક યોગથી થશે. એટલું જ નહિ, સેવાઓના સુદ્રઢિકરણ માટે ડિપ ટેકનો ઉપયોગ, આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનાલિસીઝ જેવા સમયાનુકુલ વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શક વક્તવ્યો પણ યોજાવાના છે. આ ત્રિદિવસીય શિબીરના સમાપન અવસરે બેસ્ટ જિલ્લા કલેક્ટર અને બેસ્ટ ડી.ડી.ઓ.ના એવોર્ડ્સ પણ સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે એનાયત કરાશે.

# ઓપરેશન ગંગાજળ : સરકારે વધુ પાંચ ભ્રષ્ટ અધિકારીને એકસાથે ઘરે બેસાડ્યા

**નર્મદા** જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના ભ્રષ્ટ અધિકારીઓને સરકાર અપરિપક્વ નિવૃત્તિ આપી દીધી

ગાંધીનગરઃ રાજ્ય સરકારે શરૂ કરેલા ઓપરેશન ગંગાજળ અન્વયે અત્યાર સુધીમાં 25થી વધુ ભ્રષ્ટ અધિકારીઓને ફરજીયાત ઘરે બેસાડી દીધા છે. આજે સરકારે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના પાંચ ભ્રષ્ટાચારી અધિકારીને તાત્કાલિક અસરથી અપરિપક્વ નિવૃત કરીને ઘરે બેસાડી દીધાં છે.

જે પાંચ કર્મચારીને અપરિપક્વ નિવૃત કર્યા છે તેમાં (1) જશવંતસિંહ મગનભાઈ પરમાર - વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, વડોદરા હસ્તક પંચાયત સિંચાઈ વિભાગ, દાહોદ હસ્તક નાની સિંચાઈ પેટા વિભાગ, દેવગઢ બારીયા (2) પ્રદિપ વજાભાઈ ડામોર - સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક પ્રતિનિયુક્તિથી (3) શૈલેષ પ્રભાતભાઈ દેસાઈ - સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તક પ્રતિનિયુક્તિથી (4) બાબુભાઈ રામાભાઈ દેસાઈ - સુજલામ સુફલામ વર્તુળ નં.2, મહેસાણા હસ્તક સુજલામ સુફલામ વિભાગ નં.2, વિસનગર હસ્તક સુજલામ સુફલામ પેટા વિભાગ નં.11, પાટણ અને (5) અરવિંદ ભીખુભાઈ માહલા - સુરત સિંચાઈ વર્તુળ, સુરત હસ્તક ડ્રેનેજ વિભાગ નં.2. સુરત હસ્તક ડ્રેનેજ ડિઝાઈન પેટા વિભાગ, સુરતનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે સરકારની આ સખ્ત કાર્યવાહીથી રાજ્યભરના સરકારી અધિકારીઓ કે જેઓ ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે, તેઓમાં ફફડાટ છે.

### માત્ર હેલ્મેટ પહેરી લેવાથી અકસ્માત અને મૃત્યુ નિવારી શકાય તો કેટલું સારું

# રાજ્યના કોલેજિયનો પર પોલીસને હેત ઊભરાયું, હેલ્મેટ ફરજિયાત કરી દીધી

**રાજ્યમાં** માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા પૈકી 26.50 ટકા 26 વર્ષથી ઓછી વયના હોવા અંગે ચિંતા વ્યક્ત કરી

**કોલેજ**-યુનિ.ના વિદ્યાર્થીઓ ઉપરાંત અધિકારી-કર્મચારીઓને પણ હેલ્મેટ પહેરવા તાકીદ



ગાંધીનગરઃ ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાજ્યમાં ટુ-વ્હીલર ઉપર હેલ્મેટ ફરજિયાત પહેરવાના આદેશ બાદ સરકારે હવે તેની ધીમે ધીમે અમલવારી શરૂ કરી છે. હવે રાજ્યની તમામ યુનિવર્સિટી કોલેજમાં કર્મચારી અને વિદ્યાર્થીઓએ પણ ફરજિયાત હેલ્મેટ પહેરવાનું રહેશે. આ અંગે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય રાજ્યની તમામ યુનિવર્સિટીઓને પત્ર લખીને ટુ-વ્હીલર પર હેલ્મેટ ફરજિયાત પહેરવા જણાવ્યું છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય તમામ ખાનગી-સરકારી યુનિવર્સિટીઓને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, રાજ્યમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ કોલેજોમાં અંદાજે 16.4 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, આ વિદ્યાર્થીઓ અવરજવર માટે મોટાભાગે દ્વિચક્રી વાહનોનો ઉપયોગ કરે છે, રાજ્યમાં વર્ષ 2023 દરમિયાન માર્ગ અકસ્માત થવાના કારણે કુલ 7,8 54 લોકોનું મૃત્યુ થયું છે. જેમાંથી 2,767 (35%) લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાનાને કારણે થયા છે. આ ઉપરાંત કુલ જીવ ગુમાવનારમાંથી 2082 (26.50 ટકા) વ્યક્તિઓ 26 વર્ષથી નીચેના વયની છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. માર્ગ સુરક્ષા આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ મુદ્દો છે. હેલ્મેટ પહેરવું એ પણ એક સરળ પરંતુ અત્યંત અસરકારક પગલું છે. હેલ્મેટનો ઉપયોગ કરવાથી માથાના ભાગે ઘાતક ઇજાઓના જોખમ ઘટાડી શકાય છે. જે ગંભીર ઇજાઓને રોકી શકવામાં મદદરૂપ થાય છે, અને જીવ બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

રાજ્યની તમામ યુનિવર્સિટીઓ પણ પોતાના તમામ અધિકારી-કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવા પ્રોત્સાહિત કરે તે માટે સહકાર આપવા વિનંતી છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા IPR સ્ક્રુટીની કમિટીની રચના

**યુનિવર્સિટીના** સ્ટાર્ટઅપ અને નવીનતા નીતિ હેઠળ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 2024-25ના શૈક્ષણિક વર્ષ માટે IPR (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ) સ્ક્રુટીની કમિટીની રચના કરવામાં આવી છે.

કમિટીની કાર્યાવધિ 9 નવેમ્બર, 2024 થી 8 નવેમ્બર, 2025 સુધી રહેશે. કમિટી યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ અને નવીનતા નીતિ હેઠળ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. જે સંસ્થાના વિકાસ માટે નવી નવીનતાઓ અને પેટન્ટ સંબંધિત પ્રવૃત્તિઓમાં મદદરૂપ થશે. કમિટિમાં ડૉ. જયદીપ ચૌધરી, DBIM વિભાગના પ્રોફેસર, ડૉ. ગૌરવ શાહ, બાયોટેકનોલોજી વિભાગના વડા, ડૉ. પરેશ પરીખ, કેમિસ્ટ્રી વિભાગના સહાયક પ્રોફેસર (સચિવ તરીકે), ડૉ. અનિશકુમાર ગાંધી, પેટન્ટ એજન્ટ અને IPR કન્સલ્ટન્ટ, જીતુભાઈ વખારિયા, દક્ષિણ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ પ્રમોદભાઈ ચૌધરી, પ્રતીભા ગ્રુપના ચેરમેન, આતિક દેસાઈ, લાર્સન એન્ડ ટુબ્રો, હઝીરાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ અને સલાહકાર અને ડૉ. પંકજ ગાંધીનો સમાવેશ કરાયો છે.

# વિદ્યાર્થીઓ માટે VNSGUમાં ટ્રાન્સફર મેળવવાની તક

**વિશ્વસનીય** યુનિવર્સિટીઓમાંથી વીએનએસજીયુમાં પ્રવેશ માટે 30 નવેમ્બર સુધીની મુદત



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે એક નવી તક છે. હવે રાજ્ય, કેન્દ્રિય, ડીમ્ડ અને પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ VNSGUમાં ટ્રાન્સફર મેળવી શકશે. આ માટે 2024-2025 શૈક્ષણિક વર્ષના દ્વિતીય સત્ર માટે 30 નવેમ્બર 2024 સુધી અરજી કરી શકાશે.

સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG)ના સેમેસ્ટર 2, 4, 6, 8 અને 10 માટે ટ્રાન્સફર અરજી કરી શકાશે. યુજીસી માન્ય યુનિવર્સિટીઓમાંથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્રાન્સફર માટેની તક આપવામાં આવશે. વિદ્યાર્થીઓના અગાઉના યુનિવર્સિટીમાં મળેલા ક્રેડિટના આધારે ટ્રાન્સફર આપવામાં આવશે. જો પહેલાંના યુનિવર્સિટીમાં મળેલા ક્રેડિટ VNSGUના અભ્યાસક્રમ સાથે મેળ ખાતા ન હોય, તો તેમને ખૂટતી ક્રેડિટ માટે પરીક્ષા આપવી પડશે. દરેક કોલેજમાં ટ્રાન્સફર માટે ક્લાસ દીઠ વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. સ્નાતક અભ્યાસક્રમ માટે ધોરણ-12ના ગુણાંકોના આધારે અને અનુસ્નાતક માટે સ્નાતકના મેરિટ પર આધાર રાખીને પ્રવેશ ફાળવવામાં આવશે.

# 2024માં નેચરલ ડાયમંડ સપ્લાય 1980ના દાયકાથી સૌથી નીચા સ્તરે પહોંચી

**સૌથી** વધુ રફ હીરાનું ઉત્પાદન કરતી ડી-બીયર્સના આંકડા મુજબ રફનું ઉત્પાદન 5.6 મિલિયન કેરેટ સામે વેચાણ 2.1 મિલિયન કેરેટ જ થયું, જે 2020ના લોકડાઉનના સમયમાં રહ્યું હતું

સુરતઃ યુએસ સ્થિત હીરા વિશ્લેષક પૌલ ઝિમ્નિસ્કીએ વૈશ્વિક હીરા પુરવઠાના આંકડામાં ઊંડાણપૂર્વક ડૂબકી લગાવી, સંશોધનાત્મક રજૂ કરેલા આંકડાઓ ભારતનાં હીરા ઉદ્યોગની ચિંતા વધારનારા છે. 2024 માં નેચરલ ડાયમંડ સપ્લાય 1980 ના દાયકાથી સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ છે. ડી-બિયર્સ, અલરોસા સહિત વિશ્વની ટોપ 5 માઈનિંગ કંપનીઓને 2024 માં નેચરલ રફ ડાયમંડનું ઉત્પાદન ઘટાડવું પડ્યું છે. હીરા ઉદ્યોગમાં ઘેરી મંદીની સ્થિતિ એ હદ વટાવી ગઈ કે, વર્ષ 1980 બાદ રફ હીરાની નવી સપ્લાય પ્રથમવાર મિલિયન કેરેટથી ઓછી રહી છે.

સૌથી વધુ રફ હીરાનું ઉત્પાદન કરતી ડી-બીયર્સના આંકડા મુજબ રફનું ઉત્પાદન 5.6 મિલિયન કેરેટ સામે વેચાણ 2.1 મિલિયન કેરેટ જ થયું છે, જે 2020ના લોકડાઉનના સમયમાં રહ્યું હતું. 2024 ની તુલનાએ 2022 માં અલરોસા માઈનિંગ કંપનીનું ઉત્પાદન 8 ટકા વધુ રહ્યું હતું.

2024 માં એપ્રિલમાં 29-32 મિલિયન કેરેટથી 26-29 મિલિયન કેરેટ કરવાનો નિર્ણય લીધો હતો. જુલાઈમાં ફરી રિવ્યૂ કરી ઉત્પાદન ઘટાડી 23-26 મિલિયન કેરેટ કરવાનો નિર્ણય લીધો હતો. વૈશ્વિક કુદરતી હીરાના ઉત્પાદનના આધારે, પોલ ઝિમ્નિસ્કીએ આ વર્ષે માત્ર 105 મિલિયન કેરેટના ઉત્પાદનની આગાહી કરી છે, જે 1995 પછી સૌથી ઓછી હશે. 2024 ની આગાહીમાં રશિયાના ALROSA માંથી લગભગ 32 મિલિયન કેરેટ આઉટપુટ નોંધવું યોગ્ય છે, જે વર્ષ-દર-વર્ષ 4% અને 2022 ની તુલનામાં 8% નીચું હશે. જ્યારે કંપનીએ ત્યારથી ઉત્પાદન અને વેચાણના આંકડા જાહેરમાં જાહેર કર્યા નથી. 2022 ની શરૂઆતમાં પશ્ચિમી પ્રતિબંધો લાદવામાં આવ્યા, મેનેજમેન્ટે સંકેત આપ્યો છે કે તે પ્રતિબંધો અને બજારની મંદી હોવા છતાં સંપૂર્ણ ક્ષમતાથી કામ કરવાનું ચાલુ રાખે છે. પોલ ઝિમ્નિસ્કી ડેટા અનુસાર છેલ્લી વખત સપ્લાય 100 મિલિયન કેરેટ કરતા ઓછો હતો. એટલી સપ્લાય 1989 નાં વર્ષ દરમિયાન હતી.

### સુરત જિલ્લા વકીલમંડળની ચૂંટણીમાં લેડી રિપ્રેઝેન્ટેટિવના હોદ્દા માટે મહિલા વકીલ ચૂંટણી લડશે

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણીમાં લેડી રિપ્રેઝેન્ટેટિવના હોદ્દા ઉપર મહિલા વકીલ ચૂંટણી લડતી નજરે પડશે. વકીલ મંડળની આગામી ચૂંટણીઓમાં લેડી રિપ્રેઝેન્ટેટિવના હોદ્દા માટે એક મહિલા વકીલ ચૂંટણી લડશે. ગુજરાત બાર કાઉન્સિલની સામાન્ય સભામાં લેવાયેલા નિર્ણય મુજબ ગુજરાત રાજ્યની અદાલતોમાં કાર્યરત ઘણી મહિલા વકીલોએ તેમની પદ્ધતિઓ અને પ્રશ્નોના ઉકેલ માટે દરેક જિલ્લા વકીલમંડળમાં એક લેડી રિપ્રેઝેન્ટેટિવના હોદ્દા માટે અનામત રાખવાનો નિર્ણય કર્યો છે. અનામત જાહેર કરવાના આ નિર્ણયને અનુરૂપ હવે દરેક જિલ્લા વકીલ મંડળમાં આ હોદ્દો ફરજિયાત અનામત રાખવો પડશે, તેમાં મહિલાઓએ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે અગ્રતા મેળવી છે.

# 'એ તો ઘાઘરી ઊંચી કરીને આવશે, ક્યાં જશે' એવા કોંગ્રેસે કરેલા મેસેજથી ગાંધીનગર પોલીસમાં દોડધામ

ગાંધીનગરઃ દાહોદની એક આદિવાસી મહિલા શિક્ષક ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એક આઈપીએસ અધિકારી વિરુદ્ધ ફરિયાદ કરવા આવી રહી છેના મેસેજ મળતાં ગાંધીનગરમાં સ્ટેટ આઈબી તથા ગાંધીનગર જિલ્લા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

'એ તો ઘાઘરી ઊંચી કરીને આવશે, ક્યાં જશે'-આવા છે11/20/2024 10:11:08 PMડતીની વ્યાખ્યામાં આવે એવા શબ્દો કહેવા બદલ દાહોદના એક આદિવાસી શિક્ષિકાને આ કેસમાં એક આઈપીએસ અધિકારીએ 26 લાખમાં સમાધાન કરી લેવા જણાવ્યું હતું. આ મામલે મહીસાગરના એક વિવાદિત IASની પણ ભૂમિકા વિશે ફરિયાદ કરવા આ આદિવાસી શિક્ષિકા આજે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવા 4 વાગ્યે મુખ્યમંત્રી કાર્યાલય પહોંચશે. આવો મેસેજ વિધાનસભા કોંગ્રેસ પક્ષ દ્વારા મીડિયાને કરવામાં આવ્યો હતો. આ મેસેજ સ્ટેટ આઈબીને મળતાં સમગ્ર ગાંધીનર જિલ્લા પોલીસ એલર્ટ થઈ ગઈ હતી. એટલું જ નહીં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. જો કે, કોઈ આદિવાસી મહિલા શિક્ષક સાંજ સુધી રજૂઆત કરવા આવ્યા ન હતાં. તે પછી પોલીસે રાહતનો દમ લીધો હતો. અલબત્ત, આ મહિલા શિક્ષિકા દ્વારા હવે તેણીના ધારાશાસ્ત્રી દ્વારા સરકારને લેખિત રજૂઆત કરવામાં આવનાર છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ચાર રાજ્યોમાં...

રાષ્ટ્રીય લોક દળના ઉમેદવાર મિથીલેશ પાલે દાવો કર્યો હતો કે તેમને માહિતી મળી હતી કે બોગસ મતદાન કરવા મતવિસ્તારની બહારથી લોકોને બોલાવવામાં આવ્યા હતા જેમને મદરસાઓ અને શાળાઓમાં રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહિલાઓ દ્વારા બુરખામાં બોગસ મતદાન કરાયું હતું.

### ઉ.પ્ર.ની પેટાચૂંટણીમાં...

કરતા, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને પોલીસ અધિક્ષકોએ ફરિયાદોની ચકાસણી કર્યા પછી, પોલીસ કર્મચારીઓને તેમના વર્તન માટે સસ્પેન્ડ કર્યા છે. મુઝફ્ફરનગરમાં ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, મતદાર તપાસ માટે પંચની માર્ગદર્શિકાનો ભંગ કરવા બદલ બે સબ-ઈન્સ્પેક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમાજવાદી પાર્ટી દ્વારા કેટલાક સમુદાયોને પેટાચૂંટણી દરમિયાન મતદાન કરવાથી રોકવામાં આવી રહ્યા હોવાની ફરિયાદોને ધ્યાનમાં લેતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ઉત્તર પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી અને તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને રિટર્નિંગ અધિકારીઓને નિષ્પક્ષ અને સરળ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા કડક સૂચના આપી હતી. તેમને કહેવામાં આવ્યું હતું કે પાત્રતા ધરાવતા કોઈ પણ મતદારને મતદાન કરવાથી અટકાવવામાં ન આવે. મુરાદાબાદમાં પોલીસ કર્મચારીઓ દ્વારા મતદારોના ઓળખ કાર્ડની ચકાસણી અંગે મળેલી ફરિયાદોને ધ્યાનમાં રાખીને, સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સંદર્ભે એક સબ ઈન્સ્પેક્ટર, બે હેડ કોન્સ્ટેબલ અને બે મહિલા કોન્સ્ટેબલને પોલ ડ્યુટી પરથી હટાવીને પોલીસ લાઈન્સમાં મોકલી દેવામાં આવ્યા હતા.

### મહારાષ્ટ્ર-ઝારખંડમાં...

બહુમતી 41 છે. મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના-એનસીપી ગઠબંધન સત્તામાં છે જ્યારે ઝારખંડમાં જેએમએમ-કોંગ્રેસનું શાસન છે. બુધવારે યોજાયેલી મહારાષ્ટ્ર ચૂંટણી માટે 23 નવેમ્બરે મતગણતરી થશે અને ઝારખંડમાં 13 અને 20 નવેમ્બરે બે તબક્કામાં મતદાન થયું હતું. જ્યારે મેટ્રિઝ એક્ઝિટ પોલમાં મહારાષ્ટ્રમાં 48 ટકા વોટ શેર સાથે ભાજપ અને સહયોગીઓ માટે 150-170 બેઠકોની આગાહી કરવામાં આવી હતી, ત્યારે કોંગ્રેસ અને અન્ય સાથી પક્ષોને માત્ર 110-130 બેઠકો મળી હતી. અન્યને 8 થી 10 બેઠકો મળી હતી.

### ઝારખંડ વિધાનસભા...

ગણતરી મુજબ આશરે 67.71 ટકા મતદાન નોંધાયું હતું. જામતારા જિલ્લો 76.16 ટકા મતદાન સાથે ચાર્ટમાં ટોચ પર હતો જ્યારે બોકારો જિલ્લામાં સૌથી ઓછો 60.97 ટકા મતદાન નોંધાયું હતું.'' ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, રાજ્યમાં એકંદર મતદાનની ટકાવારી 2019ની વિધાનસભા ચૂંટણીમાં નોંધાયેલા 63.9 ટકાને વટાવી ગઈ છે.

### મહારાષ્ટ્રની ચૂંટણીમાં...

સુપ્રિયા સુલે અને મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેની કથિત વોઈસ નોટ સંભળાવીને આરોપ લગાવ્યો હતો કે ચૂંટણીને પ્રભાવિત કરવા માટે બિટકોઈન્સને રોકડ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈડી જેના પરિસરોની તપાસ કરી રહી છે તે ગૌરવ મહેતાનું નામ અધિકારી રવિન્દ્રનાથ પાટીલ દ્વારા પણ લેવામાં આવ્યું હતું, જેમની પુણે પોલીસ દ્વારા 2018ની ક્રિપ્ટોકરન્સી 'છેતરપિંડી' કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

શું છે ક્રિપ્ટો છેતરપિંડી કૌભાંડ

ક્રિપ્ટો-પોન્ઝી કેસમાં ઈડીની મની લોન્ડરિંગની તપાસ વેરિએબલ ટેક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની સામે મહારાષ્ટ્ર પોલીસ અને દિલ્હી પોલીસની એફઆઈઆરમાંથી આવી છે. (સ્વર્ગસ્થ) અમિત ભારદ્વાજ, અજય ભારદ્વાજ, વિવેક ભારદ્વાજ, સિમ્પી ભારદ્વાજ અને મહેન્દ્ર ભારદ્વાજ નામના વ્યક્તિઓ અને સંખ્યાબંધ મલ્ટી-લેવલ માર્કેટિંગ એજન્ટો કે જેમણે બિટકોઈનના (2017માં રૂ. 6,600 કરોડની કિંમત) રૂપમાં જંગી રકમનું ભંડોળ લોકો પાસેથી એકત્ર કર્યું હોવાનો આરોપ છે, તેમણે લોકોને દર મહિને બિટકોઈન્સના સ્વરૂપમાં 10 ટકા વળતરના ખોટા વચન આપ્યા હતા. આ કૌભાંડમાં અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રાના સામેલ હોવાના પણ આરોપ છે, એપ્રિલ મહિનામાં ઈડીએ તેમની 98 કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરી હતી.

### ઓડિટ કંપનીના...

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. છત્તીસગઢની રાજધાની રાયપુરમાં ગૌરવ મહેતાના ઘરે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) જોગવાઈઓ હેઠળ શોધ તપાસ કરવામાં આવી છે, એમ તેઓએ જણાવ્યું હતું. તપાસ સંસ્થાએ શોધ તપાસ દરમિયાન મહેતાની પૂછપરછ કરી હતી અને તેનું નિવેદન નોંધ્યું હતું. ઈડીએ અમુક કમ્પ્યુટર અને ડિજીટલ સાધનો પણ કબજે કર્યા હતા. તેને સીબીઆઈ દ્વારા પણ સમન્સ મોકલવામાં આવ્યું છે. મંગળવારે ભાજપે સુલે અને નાના પટોલેની વોઈસ ક્લિપ જારી કરી હતી ત્યારબાદ મહેતાની ભૂમિકા સામે આવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું હતું ત્યારે ઈડીની કાર્યવાહી કરવામાં આવી હતી. ઈડીના સૂત્રોએ જણાવ્યું હતું કે એજન્સીએ ક્રિપ્ટો (બિટકોઇન) એસેટ છેતરપિંડી કૌભાંડમાં તેની ચાલી રહેલી મની લોન્ડરિંગ તપાસને વિસ્તૃત કરી છે અને મહેતા અને અન્ય કેટલાક લોકોના રાજકારણીઓ, રાજકીય સંપર્ક ધરાવતી વ્યક્તિઓ અને અમલદારો સાથેના જોડાણની તપાસ કરી રહી છે.

### રૂ. 6000 કરોડનું...

એનકેશમેન્ટની ચર્ચા કરતા મહારાષ્ટ્રના રાજકીય નેતાઓની કથિત ટેપમાં મહેતાનું નામ સામે આવ્યાના એક દિવસ બાદ આ વિકાસ થયો છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ), જે સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર ગેઇન બિટકોઇન પોન્ઝી કૌભાંડની તપાસ કરી રહી છે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કેસના મની લોન્ડરિંગ પાસાઓની તપાસ કર્યાના કલાકો પછી છત્તીસગઢમાં મહેતાના ઘરે દરોડા પાડવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ડિસેમ્બરમાં વેરિયેબલ ટેક પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ દેશભરમાં નોંધાયેલા કેસ સીબીઆઈને સોંપ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ''તપાસ દરમિયાન, તે સીબીઆઈ માટે કોઈપણ એક અથવા વધુ એફઆઈઆરને ક્લબ/એકત્રિત કરવા ખુલ્લું રહેશે.'' સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી હતી કે ''કોઈપણ એફઆઈઆરના સંબંધમાં સ્થાનિક પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય તો તે સીબીઆઈને વધુ તપાસ હાથ ધરવાથી અને ત્યાર બાદ કેસ તરીકે ચાર્જશીટ અથવા પૂરક ચાર્જશીટ દાખલ કરવાથી અટકાવશે નહીં.'' અધિકારીઓએ જણાવ્યું હતું કે, કૌભાંડમાં મહેતાની કથિત સંડોવણી સંબંધિત તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે અને સીબીઆઈ તેની તપાસનો વિસ્તાર વધારી શકે છે. બિટકોઇન, એક ક્રિપ્ટોકરન્સી છે, જે કોઈપણ દેશની કોઈપણ કેન્દ્રીય બેંક દ્વારા નિયંત્રિત નથી.

### મહારાષ્ટ્ર વિધાનસભા...

હતી, જેમાં બીએસપીએ 237 ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને એઆઈએમઆઈએમએ 17 ઉમેદવારો ઊભા રાખ્યા હતા. મહારાષ્ટ્ર 2019માં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓથી રાજકીય ઊથલપાથલની સ્થિતિમાં છે, જેમાં 2022માં શિવસેના અને 2023માં એનસીપી સહિતના મુખ્ય પક્ષોમાં નોંધપાત્ર વિભાજન થયું છે. આ વિકાસના કારણે એમવીએ સરકારનું પતન થયું અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ સરકારનો ઉદય થયો. નાસિક જિલ્લાના નંદગાંવ વિધાનસભા ક્ષેત્રમાં શિવસેનાના ઉમેદવાર સુહાસ કાંડે અને અપક્ષ ઉમેદવાર સમીર ભુજબલ વચ્ચે અથડામણ થઈ હતી. પરલી વિધાનસભા ક્ષેત્રમાં એક મતદાન મથકમાં તોડફોડ કરવામાં આવી હતી અને શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી)ના કાર્યકર પર હુમલો કરવામાં આવ્યો હતો.

### પ્રથમ વખત...

2014 અને 2019ની વિધાનસભા ચૂંટણીમાં માહિમથી ઉમેદવારો ઊભા રાખ્યા હતા, પરંતુ પાર્ટીના કોઈપણ ઉમેદવાર રાજ સાથે સંબંધિત ન હતા. એ જ રીતે વરુણ સરદેસાઈ વાંદ્રે (બાંદ્રા) ઈસ્ટથી ચૂંટણીમાં પદાર્પણ કરી રહ્યા છે, જ્યાં ઠાકરે રહે છે. સરદેસાઈ ઉદ્ધવના ભત્રીજા અને સેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેના મામા છે, જે વરલી મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે. બુધવારે ઉદ્ધવ, તેમની પત્ની રશ્મિ અને તેમના પુત્રો આદિત્ય અને તેજસે સરદેસાઈને મત આપ્યો હતો.

### દિલ્હી ડાયરી...

ઈલેક્ટ્રિક સ્કૂટર લોન્ચ કર્યું ત્યારે તેણે ઈલેક્ટ્રિક મોબિલિટી કંપની યુલુને પરેશાન કરી દીધી, જેણે તરત જ ટ્રેડમાર્કના ઉલ્લંઘન માટે કેસ દાખલ કર્યો અને ઝુલુના વેચાણ પર કોર્ટનો સ્ટે મેળવ્યો. કાઈનેટિકની શાનદાર મહિલા બોસ સુલજ્જા ફિરોદિયા મોટવાણીનું આગમન થયું. તેણીએ મડાગાંઠમાંથી બહાર નીકળવાના માર્ગ પર વાટાઘાટો કરી અને બાકીનો સ્ટોક મૂળ નામ હેઠળ વેચી દીધો અને પછી ઝુલુ નામને ઇ-ઝુલુમાં ફેરવીને તે જ મોડેલનું વેચાણ ચાલુ રાખ્યું. અંતે તેણીએ અત્યાર સુધીના હરીફ યુલુ સાથે ભાગીદારી કરી, જેની વિગતો હજી પણ આખરી ઓપ આપવાની પ્રક્રિયામાં હતી.

## અનુસંધાન... પાના પહેલાનું

### ગેસ સીલિન્ડરના...

રૂમમાં કોઈ સભ્યએ લાઈટ ચાલુ કરતા જ ફ્લેશ ફાયર થયું હતું અને ત્યારબાદ જોરદાર બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળી હતી. ઘટનાની ફાયર કંટ્રોલને જાણ કરાતા કાપોદ્રા, કતારગામ અને ડભોલી ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર દિનુ પટેલે જણાવ્યું હતું કે, રૂમમાં બ્લાસ્ટની ઘટનામાં ત્રણ ફાયર સ્ટેશન પૈકી કતારગામ ફાયર સ્ટેશન ઘટના સ્થળેથી સૌથી નજીક હોવાને કારણે તેમની ટીમ તુરંત જ પહોચી ગઈ હતી અને ગણતરીની મિનિટોમાં જ આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. ઘટનામાં સાત જેટલા લોકો દાઝી ગયાં હતા. ઘાયલોને પ્રાથમિક સારવાર માટે 108 એમ્બ્યુલન્સ દ્વારા સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તમામ ઘાયલોને કિરણ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ઘાયલો પૈકી બેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### પાલ ગ્રીન...

ભેગા થઈ ગયા હતા. આ લોકોએ આ કાર્યક્રમ કરનાર યોગેશ પટેલને કાર્યક્રમ બંધ કરવા માટે જણાવ્યું હતું તથા એપાર્ટમેન્ટના સ્થાનિક યુવાનોને બહાર નીકળી જવા માટે સૂચના આપી હતી.

### સ્થાનિકોએ પોલીસને કોલ કર્યા, પરંતુ ફરિયાદ કરવા કોઈ તૈયાર નથી

આ મામલે પોલીસે સ્થાનિક રહીશોને ફરિયાદ કરવી હોય તો આગળ આવવા જણાવ્યું હતું. અલબત્ત, આ મામલે કોઈપણ સ્થાનિક રહીશ ફરિયાદ કરવા તૈયાર થયો ન હતો. ડીસીપી રાકેશ બારોટે જણાવ્યું કે, તેઓને હાલમાં તો સામાન્ય સત્સંગ કાર્યક્રમ દેખાય છે. પરંતુ જો કોઇ ફરિયાદ આપવા તૈયાર થાય તો તેઓ ચોક્કસ ફરિયાદ કરશે.

### સ્થાનિક રહીશોએ...

યોગેશ પટેલે આ મિશનરી સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. તેમાં ભરૂચના જોષી અટકધારી એવા એક આગેવાન આ કાર્યક્રમનું સંચાલન કરી રહ્યા હતા. આ લોકો દ્વારા ઇસુ મસીહના ગુણગાન ગાવામાં આવી રહ્યા હતા.